# ગુજરાતનો સાંસ્કૃતિક વારસો (ભાગ -6)

## વૈજ્ઞાનિકો

ત્રિભુવનદાસ પટેલ : (1863-1920)

→ ‘એલેમ્બિક કેમિકલ વર્કસ’ના સ્થાપક, આયોડિન ટકરલોરાઈડ દવાનાં શોધક રસાયણશાસ્ત્રી ત્રિભુવનદાસનો જન્મ સુરતમાં થયો હતો.

→ તેઓએ મહારાજા સયાજીરાવની સહાયથી અને કવિ કાન્તના સહકારથી ગુજરાતી ભાષા-વિજ્ઞાનને લાગતું સાહિત્ય તૈયાર કરવા પ્રયત્નો કર્યા.

ભગવાનલાલ ઈન્દ્રજી : (1839-1888)

→ સમ્રાટ અશોકના શિલાલેખમાંથી પ્રેરણા મેળનાર, પુરાતત્વને પ્રચેતના આપનાર, ખ્યાતનામ પુરાતત્વવિદ ભગવાનલાલ ઇન્દ્રજીનો જન્મ જૂનાગઢમાં થયો હતો. તેમણે સાતવાહન ખારવેલના લેખો ઉકેલ્યા અને સિક્કાઓ પરથી ક્ષેત્રની સળંગ વંશાવલિ યોજી આપી.

જયકૃષ્ણ ઈન્દ્રજી : (1849-1929)

→ ઉત્તમ વનસ્પતિશાસ્ત્રી ‘વનસ્પતિશાસ્ત્ર’ જેવા અદ્દભૂત ગ્રંથની ભેટ આપનાર જયકૃષ્ણ ઈન્દ્રજીનો જન્મ કચ્છના લખપત ગામે થયો હતો. ડુંગરાઓ ખૂંદી જાતજાતની વનસ્પતિઓમાંથી દુ:સાધ્ય રોગો માટે ઔષધો બનાવ્યા.

ડૉ. હોમી એન. શેઠના : (1923)

→ પદ્મશ્રી (1959), પદ્મભૂષણ (1966) અને પદ્મવિભૂષણ (1975) વિજેતા, ભારતના અણુ વિકાસમાં મહત્વનો ફાળો આપનાર, થોરિયમ અને યુરેનિયમના ઉત્પાદનમાં મહત્વનું યોગદાન આપનાર ડૉ. હોમી એન. શેઠનો જન્મ મુંબઈ થયો હતો. તેમણે અણુશક્તિ પંચના

અમારી તમામ અપડેટ તમારા વોટ્સએપ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો

અધ્યક્ષ અને રાષ્ટ્રીય અણુશક્તિ એજન્સીની સલાહકાર સમિતિના સભ્ય પદે સેવા આપી, વિજ્ઞાન ક્ષેત્રે અદ્ભૂત સેવા કરી.

ડૉ. હોમી ભાભા : (1909-1966)

→ વૈશ્વકિરણોનાં સંશોધનકાર, અણુ વિજ્ઞાન ક્ષેત્રે વિશ્વના નકશામાં ભારતને સ્થાન અપાવનાર ડૉ. હોમી ભાભાનો જન્મ મુંબઈમાં થયો હતો. અણુશક્તિના શાંતિમય ઉપયોગની પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદ અને ભારત અણુશક્તિ પંચના અધ્યક્ષપદે રહયા. તારાપોર, રાજસ્થાનમાં અણુ વિદ્યુત મથકો અને ટ્રોમ્બે અણુસંશોધન કેન્દ્ર તથા પ્રથમ અણુભટ્ટી 'અપ્સરા' વગેરેની સ્થાપનામાં મોખરે રહયા. ઈ.સ. 1966માં વિજ્ઞાન અકસ્માતમાં તેમનું મૃત્યુ થયું.

ડૉ. વિક્રમ સારાભાઈ : (1919-1971)

→ ઉદ્યોગપતિ શેઠ અંબાલાલ સારાભાઈના પુત્ર, કોસ્મિક કિરણોના રિસર્ચ સ્કોલર, ફિઝિકલ રીસર્ચ લેબ અને ઈસરોના સ્થાપક વિક્રમ સારાભાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. કોમ્પ્યુટર ઉદ્યોગ, નૃત્ય સંગીતની સંસ્થાઓ તથા 'અટીરા' અને ભારતના સેટેલાઈટ લોંચિંગ સ્ટેશન 'થુમ્બા' વગેરેની સ્થાપનામાં અને સેવામાં અગ્રણી રહયા. એસ. એસ. ભટનાગર એવોર્ડ (1962) અને પદ્મભૂષણ (1966)થી સન્માનિત થયા. 1966માં અણુશક્તિ પંચના અધ્યક્ષ બન્યા.

સામ પિત્રોડા : (1942)

→ રાષ્ટ્રીય જ્ઞાન પંચના અધ્યક્ષ, ટેકનોકેટ અને પ્રધાનમંત્રીનાં ટેકનોલોજીકલ સલાહકાર તરીકે સેવા આપનાર સામ પિત્રોડાનો જન્મ તીથલગઢ (ઓરિસ્સા) માં થયો હતો. તેમનું મૂળવતન

અમારી તમામ અપડેટ તમારા વોટ્સએપ નંબર પર મેળવવા માટે 9722210596 પર jobલખી મેસેજ કરો

વડોદરા છે. ભારતમાં એક્ષચેન્જ કાર્યરત કરી સંદેશા વ્યવહારમાં આમૂલ પરિવર્તન આણ્યું. ડિઝિટલ ઇલેકટ્રોનિક સ્વીચીંગ સિસ્ટમ ભારતને અર્પનાર.

સલીમ અલી : (1896-1987)

→ પદ્મભૂષિત પક્ષીવિદ સલીમઅલી મૂળ ખંભાતના. તેમણે હૈદરાબાદ રાજયના પક્ષીઓની મોજણીનું કાર્ય કર્યું. અને કચ્છ અને ત્રાવણકોરના પક્ષીઓ પર સ્વતંત્ર ગ્રંથો લખ્યાં.

JOBGUJ.IN

અમારી તમામ અપડેટ તમારા વોટ્સએપ નંબર પર મેળવવા માટે 9722210596 પર jobલખી મેસેજ કરો